દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૧૮ મે, ૨૦૨૬

# ભારતમાં સોનું પરંપરાનો ભાગ છે જેથી તેની કિંમત કે ડ્યૂટી વધે કે ઘટે વપરાશકારોને કોઇ ફેર પડતો નથી

ભારતે સોના અને ચાંદી પરની આયાત જકાત 6 ટકાથી વધારીને 15 ટકા કરી છે. સરકારે બુધવારે આ સંદર્ભમાં એક સૂચના જારી કરી.કિંમતી ધાતુઓની વિદેશી ખરીદી ઘટાડવા અને દેશના વિદેશી હૂંડિયામણ ભંડાર પર દબાણ ઓછું કરવાના પગલાંના ભાગ રૂપે આ પગલું લેવામાં આવ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં નાગરિકોને ઓછામાં ઓછા એક વર્ષ સુધી સોનાના દાગીના ખરીદવાથી દૂર રહેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, સોનું ખરીદવું એ એક બીજું પાસું છે જેમાં વિદેશી ચલણનો ઘણો ઉપયોગ થાય છે. એક સમય હતો જ્યારે લોકો કટોકટી દરમિયાન દેશના હિતમાં સોનું દાન કરતા હતા. આજે દાનની કોઈ જરૂર નથી, પરંતુ દેશના હિતમાં, આપણે નક્કી કરવું જોઈએ કે આખા વર્ષ માટે, જો ઘરમાં કોઈ કાર્યક્રમ હોય, તો આપણે સોનાના ઘરેણાં નહીં ખરીદીએ. તેમણે કહ્યું હતું કે, આપણે સોનું નહીં ખરીદીએ. આપણી દેશભક્તિ આપણને વિદેશી ચલણ બચાવવા માટે પડકાર આપી રહી છે, અને આપણે આ સ્વીકારવું જોઈએ અને વિદેશી ચલણ બચાવવું જોઈએ. સરકારે સોના અને ચાંદીની આયાત પર 10% મૂળભૂત કસ્ટમ ડ્યુટી અને 5% કૃષિ માળખાગત અને વિકાસ ઉપકર લાદ્યો છે, જેનાથી અસરકારક આયાત કર 6% થી વધારીને 15% કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે ભારતમાં આવતા સોના અને ચાંદીના દાગીના વેપારીઓ, ઝવેરીઓ અને અંતે ગ્રાહકો સુધી ઊંચા ભાવે પહોંચશે. જ્યારે આ નિર્ણયની આંતરરાષ્ટ્રીય સોનાના ભાવ પર કોઈ અસર થશે નહીં, તે સ્થાનિક સોના અને ચાંદીના ભાવને અસર કરી શકે છે. સોના અને ચાંદી પર આયાત જકાત વધારવાનો સમય ફક્ત કિંમત નિર્ધારણ સાથે સંબંધિત નથી, પરંતુ તેનો હેતુ ભારતના અર્થતંત્ર પરના દબાણને દૂર કરવાનો પણ છે. રોઇટર્સના અહેવાલ મુજબ, ભારતની સોનાની આયાત 2025-26માં $71 બિલિયનને વટાવી જવાનો અંદાજ છે, જે ક્રૂડ ઓઇલ પછી દેશના આયાત બિલનો બીજો સૌથી મોટો ઘટક બનશે. ભારતને સોનાની આયાત કરવા માટે વિદેશી ચલણ (ડોલર) ખર્ચવું પડે છે, અને આની સીધી અસર તેના વિદેશી હૂંડિયામણ ભંડાર પર પડે છે. વધુમાં, ડોલરની વધતી માંગ રૂપિયા પર દબાણ લાવે છે. રૂપિયો હાલમાં ડોલર સામે તેના સૌથી નીચા સ્તરે છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈરાન યુદ્ધને કારણે, રોકાણકારોએ સોનામાં ભારે રોકાણ કર્યું છે, જેના કારણે છેલ્લા કેટલાક મહિનામાં આંતરરાષ્ટ્રીય સોનાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે દેશના આયાત બિલમાં વધારો થયો છે.ભારતમાં ઘરેલુ બચત અને ખર્ચમાં સોનું એક મહત્વપૂર્ણ ઘટક છે, જે તેને વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક બનાવે છે.

સરકારી આંકડા અનુસાર, ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ભારતની સોનાની આયાત $૫૮.૦૧ બિલિયન હોવાનો અંદાજ છે, જે ૨૦૨૩-૨૪માં $૪૫.૫૪ બિલિયન હતી. આ ૨૦૨૪-૨૫માં ૨૭.૩૭ ટકાનો વધારો દર્શાવે છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના રાષ્ટ્રીય સચિવ સુરેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે, અપેક્ષા મુજબ, સરકારે ચાલુ ખાતાની ખાધને નિયંત્રિત કરવા માટે ડ્યુટીમાં વધારો કર્યો છે. જોકે, આ માંગને અસર કરી શકે છે, કારણ કે સોના અને ચાંદીના ભાવ પહેલાથી જ ઊંચા છે. છેલ્લા એક વર્ષમાં નકારાત્મક શેરબજાર વળતર અને સોનાના ભાવમાં તાજેતરના ઉછાળા વચ્ચે, ભારતમાં રોકાણ હેતુ માટે સોનાની માંગમાં વધારો થયો છે. જો કે, સોના ઉપર આયાત ડ્યૂટી વધે કે ઘટે તેનાથી ભારતીય વપરાશકારોને કોઇ મોટો ફેર પડતો નથી. સોનું જ્યારે 7000 રૂપિયે તોલો મળતું હતું તે વધીને છેલ્લા કેટલાક સમયથી દોઢ લાખની ઉપર પહોંચી ગયું છે તેમ છતાં ભારતમાં તેની માંગમાં કોઇ ઘટાડો થયો નથી. તેનું એક સૌથી મોટુ કારણ એ છે કે સોનું ભારતની પરંપરાનો એક ભાગ છે. એ વાત એટલી જ સાચી કે તેનાથી વિદેશી હુંડિયામણને મોટી અસર થાય છે પરંતુ ભારતમાં વ્યક્તિની કિંમત ખાસ કરીને મહિલાઓની વેલ્યુ તેની બેંક બેલેન્સથી નહીં પરંતુ તેની પાસે કેટલા તોલા સોનું છે તેના પરથી નક્કી થાય છે. આમ સોના પર ડ્યૂટી વધે કે ઘટે તેની માંગ પર ભારતમાં મોટી અસર દેખાઇ તેવું હાલના સંજોગોમાં તો લાગતું નથી.


# ગાંધીજી એમના નાના પુત્ર દેવદાસને પત્રોમાં શું શું લખતા?

હમણાં નવજીવન મુદ્રણાલય કે જે એક સમયે ગાંધીજીના નેતૃત્વમાં પ્રકાશન-કાર્ય કરતું હતું, તેમણે 'આકાશકુસુમઃ દેવદાસને પત્રો ગાંધીજીના' નામના દળદાર, 582 પૃષ્ઠના ગ્રંથનું પ્રકાશન કર્યું છે. દેવદાસ ગાંધીજીના સૌથી નાના પુત્ર હતા. ગાંધીજીએ જીવનભર હજારો પત્રો લખ્યા અને તે તેમના સમયની મહાન પ્રતિભાઓ, બ્રિટિશ અધિકારીઓથી માંડી સામાન્ય ગણાતા અનેકોને લખ્યા છે. એ બધાં જ પત્રો એક સાથે ભેગાં કરીને જુઓ તો કોઇને એવું થઇ શકે કે ગાંધીજીએ જીવનભર પત્રો લખવા સિવાય કાંઇ કામ જ નથી કર્યું. તેમણે એ બધા વચ્ચે પોતાના પુત્રો, પુત્રવધૂઓને પણ પત્રો લખ્યા છે. વિચાર આવે કે એ માણસ તો સરકાર જેલમાં પૂરે ત્યારે ઠીક, બાકી તે વિના તો ઘર વિનાના થઇ આખા દેશમાં ફરતા રહ્યા છે, જાહેર મંચ પર સંબોધન કરતા રહ્યા છે, કયારેક યાત્રા કયારેક કૂચ કાઢતા રહ્યા છે. આ બધા વચ્ચે અનેકો સાથે મિટિંગ, પરિષદ યોજતા રહ્યા છે તે માણસના મનમાં આટલા બધાને પત્ર લખવાનું કેવી રીતે ચાલતું રહ્યું હશે! બાપને સામાન્યપણે પોતાના પુત્રને પત્ર લખવાનું મન નથી હોતું. તેમાં બાપ તરીકેનો અહમ્ પણ કામ કરતો હોય છે અને બીજા બધા અનેક મનોભાવ, જીવનના બનાવો ચાલતા રહેતા હોય છે. ગાંધીજીએ દેવદાસને 1914થી આરંભી 1948 સુધી એટલે કે ગાંધીજીની હત્યાના દિવસો સુધી પત્રો લખ્યા છે. આ દરમિયાન, ગાંધીજી પણ ગાંધીજી રહેતા નથી, 'મહાત્મા' બનવા સુધી કાર્યો કરે છે તો દેવદાસ પણ યુવાન થયા છે અને પિતાને સવાલ કરતા થયા છે. મતલબ કે પત્ર લખનાર અને મેળવનાર બંનેનાં જીવન આમૂલ બદલાયાં છે. આ જીવનના ઘટનાક્રમ, આંતર-બાહ્ય પરિવર્તનની લીલા વચ્ચે પત્રો લખાયા છે. આ ગ્રંથની વધારે રસપ્રદ વાત એ છે કે મહદંશે અપ્રકાશિત એવા આ પત્રોનું સંપાદન ત્રિદીપ સુહૃદ સાથે રહી દેવદાસ ગાંધીના પુત્ર, એટલે કે ગાંધીજીનાં જ પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીએ કર્યું છે. ગ્રંથની પત્ર-સામગ્રી વિશે વાત કરતાં પહેલાં એ પણ નોંધવું આનંદ આપે છે કે આ ગ્રંથ કસ્તુરબા મોહનદાસ ગાંધી અને તેઓની પુત્રવધૂઓ ચંચળ હરિલાલ ગાંધી, સુશીલા મણિલાલ ગાંધી, નિર્મળા રામદાસ ગાંધી અને લક્ષ્મી દેવદાસ ગાંધીની સ્મૃતિને સમર્પિત થયું છે.

આ પુસ્તકની બીજી પણ વાત છે કે પત્ર સમય-સંદર્ભ જાળવવા સાથે તેના વર્તમાન સંદર્ભ પણ અલગ રીતે આલેખાયા છે. ગોપાલકૃષ્ણ ગાંધી સ્વયં આઈએએસ અધિકારી ભારતના રાષ્ટ્રપતિના સચિવ, ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર અને અશોક યુનિવર્સિટીમાં ઈતિહાસ અને રાજકારણના પ્રોફેસર અને લેખક છે. તેમના નામે બાર પુસ્તકો છે અને તેમાં દ્વારા શુકોહ' નામનું નાટક પણ છે. એ જ રીતે ત્રિદીપ સુહૃદ સેપ્ટ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક અને પ્રોવોસ્ટ હોવા ઉપરાંત અભ્યાસી લેખક અને અનુવાદક છે. રાષ્ટ્રવાદ પરના પુસ્તક ઉપરાંત ચંપારણ સત્યાગ્રહના દસ્તાવેજ આધારિત પુસ્તક અને સત્યના પ્રયોગોની સમીક્ષાત્મક આવૃત્તિ પ્રગટ કરી છે. આવા બે સજ્જ ગાંધીવિચારક 'આકાશકુસુમ'ને શકય બનાવી શકે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

પ્રવેશકથી જ પુસ્તકમાં રસપ્રદ રીતે પ્રવેશ કરો છો. તેમાં ગાંધીજીના એ જીવનની વાત થઇ છે, જે હજુ દક્ષિણ આફ્રિકાથી આરંભાયું છે. એટલે કે લગ્નજીવન, કૌટુંબિક જીવન અને વધારે સંઘર્ષભર્યા જાહેર જીવનની શરૂ થયેલી વ્યસ્તતા વચ્ચે થયેલો પત્રવ્યવહાર છે. 'ઘરેથી આવતાં અને કુટુંબીજનોને લખાતા પત્રોનાં વણથંભ્યાં મોજાં કુટુંબની લાગણીને તેમની પાસે પહોંચાડતાં અને તેઓ કુટુંબને પોતાની માવજતથી ભીંજવતા રહ્યા.' ગાંધીજી કમાલના રાષ્ટ્રનેતા હતા, જે પાર વિનાની વ્યસ્તતા વચ્ચે કુટુંબનું જતન કરી શકયા. એવાં અનેક નેતાઓને આપણે જોયા છે જે રાજકારણની વ્યસ્તતામાં કુટુંબ સંભાળી ન શકયા અને કુંવારા નહીં તો કુંવારા જેવા રહી ગયા. ગાંધીજીએ નર્મદની જેમ 'કલમને ખોળે માથું મૂકવાની વાત નથી કરી પણ તેમણે પાર વિનાનું લખ્યું છે. 'તેઓ દિવસે પત્ર લખતા, રાત્રે લખતા, આગગાડી ને આગબોટમાંથી લખતા, સવ્યસાચીની પેઠે ડાબા હાથે, જમણે હાથે લખતા અને બંને હાથ થાકે ત્યારે શ્રુતલેખન અજમાવતા. ગાંધીજીએ તેમના બધા જ પુત્રોને પત્રો લખ્યા છે અને પુત્રવધૂઓને પણ લખ્યા છે. આ ગ્રંથમાં દેવદાસ ગાંધીને લખેલા 316 પત્રો સામેલ છે.





**પુસ્તકઃ** 'આકાશકુસુમઃ દેવદાસને પત્રો ગાંધીજીના' સંપાદક,
**ચયનકર્તાઃ** ગોપાલકૃષ્ણ ગાંધી, ત્રિદીપ સુહૃદ
**પ્રકાશકઃ** વિવેક જીતેન્દ્ર દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-380009
**મૂલ્યઃ** રૂ.750/-

આમાંના 218 પત્રો આજ સુધી અપ્રકાશિત રહ્યા હતા કારણ કે પત્રો દેવદાસ ગાંધીના છે તો સંપાદનની સામગ્રીમાં કયા પત્રો સમાવવા- ન સમાવવા તે વિશે ગોપાળકૃષ્ણ ગાંધીએ પણ વિવેક રાખવો પડે. પણ પ્રવેશક જ ઘણું કહી દે છે. 'દેવદાસના પત્રોની ખાસ' બાબત તો બંનેની સહિયારી નિસબત એટલે રાજકીય ક્ષેત્ર, જાહેર જીવન અને જાહેર કાર્ય અંગેની સલાહની આપ-લે અને 'આ ગામમાં હું પણ એક ડાયરેકટર છું' એવા ફિરાકમાં મહાલતી વ્યક્તિઓ અને તેમના ફજેત-ફાળકાનું આદાન-પ્રદાન.'

આ પુસ્તક ગાંધીજીનાં જીવન અને વિચારનાં અભ્યાસીઓ માટે તો એક સંદર્ભ-ખાણ સમું છે. પત્રો સમયના ઘટનાક્રમના સંદર્ભ છે એટલે આપોઆપ પત્રસંદર્ભ સાથે અર્થસંદર્ભ પણ પ્રગટ થાય છે. ગાંધીજીએ પુત્રોને યોગ્ય જગ્યાએ ભણાવવાનું પસંદ કર્યું. શાંતિનિકેતન અને ફિનિકસ આશ્રમ ઉપરાંત પણ સ્થાનો છે. દેશ-દુનિયામાં રઝળપાટ શરૂ થયો છે ને પુત્રો માટે સ્થાયિત્વ અને શિક્ષણની દરકાર છે. દેવદાસ પિતાનાં કાર્યોમાં પણ જોડાતા જાય છે. ગાંધીજીએ તેમને હિન્દીનું શિક્ષણ આપવાનું સોંપ્યું અને તે પણ ચંપારણથી સીધા મદ્રાસ જયાં તામિલ બોલાતી હોય. આ પત્રસંપાદકો સમગ્ર કાળસંદર્ભ આલેખતા રહીને પત્રો જે રીતે સંપાદિત કરે છે તે સંપાદનનો ઉદાહરણીય નમૂનો બને છે.

ઠેઠ 1914ના રોજ 'ચિ. દેવદાસ'ને લખેલા પત્રમાં ગાંધીજી પુત્રને અક્ષર સુધારવાની વાત કરવા ઉપરાંત બા (કસ્તુરબા)ની માંદગી અને ઉપચારની વાત લખે પણ તેમાં તેમનું જીવનદર્શન પણ સહજભાવે આવી જાય છે, 'શરીર તો પડવાનું જ છે ને વળી પોતાને પડવાને દહાડે જ પડે છે ને તેને અનુસરીને આપણને ઈલાજો સૂઝે છે. સાથે જ એ વિચારને વિસ્તારતાં તેઓ જૂદે ઠેકાણે પહોંચે છે. 'સાધુના એટલે સ્થૂલ વૈરાગ્ય અથવા જગતમાં ભટકવું એ નહીં પણ આ તેનો અર્થ શુદ્ધ ચરિત્રને લગતો છે. ઉદાસીનતા એટલે દિલગીરી નહીં પણ વિષયોનો અણગમો અને સંસાર વિશે નિર્મોહપણું. દેવદાસ ત્યારે 14 વર્ષના છે. ગાંધીજી સતત આત્મનિરીક્ષણ, સમાજનિરીક્ષણ, વાત અને વર્તનનું નિરીક્ષણ કરતાં અને આગવી રીતે પૃથક્કરણબદ્ધ રહી તારવણી કરતા. તેમની જાગૃતિ તીવ્ર હતી અને મર્મમાં પ્રવેશ કરનારી હતી. વ્યક્તિ અને સમાજના દરેક અંગમાં તેમનો પ્રવેશ હતો. દક્ષિણનાં રાજ્યો હિન્દી ભાષા આજે પણ અપનાવતાં નથી અને એ રાજયોએ તો ભાષાકેન્દ્રી આંદોલન છેડેલું ત્યાં ગાંધીજીએ ગઇ સદીના આરંભે હિન્દીના પ્રસારનું કામ શરૂ કરેલું અને દેવદાસ ગાંધીને સોંપેલું. એક પત્રમાં લખે છેઃ મદ્રાસ ઈલાકો હિન્દીના ઐકય સૂરોથી ગાજી રહે અને અત્યારે દક્ષિણ અને ઉત્તરની વચ્ચે જે મોટો દરિયાવ આવી પડેલો છે તે દૂર થઈ જાય અને બંને પ્રજા ઓતપ્રોત થઇ શકે. 1914માં તેઓ આ લખે છે. બંને પ્રજા આજેય ઓતપ્રોત થઈ શકી નથી તે, સાચા પ્રયત્નોના અભાવ અને પ્રજાકીય તાસીરનાં કારણોમાં જોઈ શકાય. પણ આ પત્રોમાં અનેક વિષયો છેડે છે અને પુત્ર દેવદાસને જીવન કેટલી બધી રીતે જીવવાનું હોય તે સહજભાવે સમજાવે છે. 1918માં તેઓ કોંગ્રેસની કોઇ સભા કે બેઠકમાં ન ગયા હશે તેના કારણ સમજાવવાનું પણ તેઓ સમજે છે તો આરોગ્ય સાચવવા વિશે પણ પોતાના પ્રયોગોની વાત સાથે સૂચન કરે છે. એક વાર લખે છે, 'આપણું આખું જીવન અભ્યાસીનું હોવું જોઈએ. જો તમારું જીવન તમે એ સૂત્ર ઉપર બાંધશો તો તમે કોઈ અભ્યાસને સારું મોટા થઈ ગયા નહીં ગણાઓ! આખું પુસ્તક કુલ પાંચ ભાગમાં વહેંચાયેલું છે અને દરેક ભાગના આરંભે દીર્ઘ ભૂમિકા, પ્રાસ્તાવિક સ્વરૂપે વિગતખચિત અને ત્યારના સંજોગમાં જે બની રહ્યું છે તે બધું આલેખાયું હોવાથી પુસ્તક અનેક રીતે મૂલ્યવાન છે. પુત્રની ભાષા ને શૈલી વિશે લખે અને તેમને 'યંગ ઈન્ડિયા' અને નવજીવનમાં લખવાનું આહ્વાન પણ કરે. તેઓ છગનલાલ ગાંધી ચોરીમાં પડયાનું પણ લખે અને અન્ય સગાં વ્યભિચારમાં પડયા હોય તો તે પણ જણાવે અને હરિલાલ વિશે પણ લખે. ગાંધીજી તમને અનેક રીતે પ્રગટતા જોવા મળશે પણ દરેક ભાગનો આરંભક ચૂકવો નહીં. તેમાં ગાંધીજીના પત્રલેખન વિશે, કોને કોને લખ્યા, કોને લખતાં તે વિશેય માહિતી મળશે. વાંચજો. વાંચશો તો તમે દળદાર થશો. ગાંધી જેવું વ્યક્તિત્વ કયારેક જ જન્મે અને તમે અનેક રીતે પામતા રહો તો વ્યક્તિ તરીકે, સામાજિક તરીકે, નાગરિક તરીકે વિકસી શકીશું.

'આધા ગાંવ' નવલકથા, 'મહાભારત' ટી.વી. શ્રેણીના લેખક



# રાહી માસુમ રઝાની પ્રેમકથા

*'મહાભારત' વ્યાસજીએ લખ્યું હતું પણ આપણા સમયમાં તો તેના લેખક રાહી માસુમ રઝા કહેવાશે કારણ કે બી. આર. ચોપરાની અત્યંત લોકપ્રિય ટી.વી. સિરીયલ 'મહાભારત'ના લેખક તેઓ જ હતા. રાહી માસુમ રઝા તેમની 'આધા ગાંવ', 'ટોપી શુકલા' નવલકથાથી પણ જીવનને પણ જાણવા જેવું છે. શું તમને ખબર છે કે તેમણે અલીગઢથી ભાગીને કેમ મુંબઇ આવવું પડેલું?*

*વાત એમ છે કે તેમને રામપુરના નવાબી ખાનદાને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની નોકરીમાંથી કઢાવ્યા હતા અને તેનું કારણ એવું હતું કે રામપુરના નવાબી ખાનદાનની વહુ સાથે તેમને ઇશ્ક થઇ ગયો હતો. ઉત્તરપ્રદેશના ગાજીપુરમાં જન્મેલા રઝા અલીગઢમાં જ સ્નાતક થયા હતા અને ઉર્દૂમાં તો પરાસ્નાતક. રઝા એક ધનવાન ઘરાનાના હતા. તેમના પિતા બશીર હુસેન આબિદી ખાનદાની જમીનદાર હતા અને વ્યવસાયે વકીલ હતા. પણ રઝાનું જીવન ઘણી ઊથલપાથલવાળું રહેલું. 1966માં નય્યર જહાં સાથે નિકાહ તો પઢેલા પણ નય્યર જહાંના બીજા નિકાહ હતા. તે આ પહેલાં રામપુર રિયાસતનાં મોહમ્મદ યુનુસ ખાનની બેગમ હતી. આ મોહમ્મદ યુનુસખાન ભારતીય લશ્કરમાં હતા અને લેફ્ટનન્ટ કર્નલના પદે પહોંચેલા. તેઓ લશ્કરમાંથી નિવૃત્ત થયા પછી નોકરી કરવા અલીગઢની મેડિકલ કોલેજમાં આવ્યા. ત્યાં તેમની પત્ની નય્યર જહાં સાથે રઝાને મળવાનું થયું. જો કે ત્યારે યુનુસખાન સાથે તેમના તલાક થઇ ચૂકયા હતા પણ રામપુરના શાહી પરિવારને રાહી અને નય્યરનો નિકાહ ગમ્યો નહોતો અને હજુ નવાબો તરીકે અલીગઢમાં તેમનો અવાજ સંભળાતો એટલે રાહી માસુમ રઝાને તેમણે યુનિ.ની નોકરીમાંથી કઢાવ્યા.*

*રાહી મુંબઇ આવી ફિલ્મો માટે લખવા માંડયા અને ખૂબ સફળ રહ્યા. પછી તો પત્નીના પૂર્વ પતિ સાથેય સારા સંબંધ વિકસેલા. નય્યર જહાં અને રાહી માસુમ રઝાને એક દીકરી જન્મેલી મરિયમ મુનિસ. પણ રાહી માસુમ રઝાએ પેલા અલીગઢના બનાવ પછી ઉર્દૂમાં લખવાનું છોડી દીધેલું અને દેવનાગરીમાં ફકત હિન્દીમાં લખતા. 'આધાગાંવ' ઉર્દૂમાં જ લખેલી પણ પછી આખી બીજી વાર દેવનાગરીમાં લખેલી અને તેનું જ પ્રકાશન કરેલું. જો કે 'આધા ગાંવ'થી તેઓ સાહિત્ય ક્ષેત્રે સન્માન પામ્યા તો 'મહાભારત' વડે સામાન્ય લોકોમાં ખૂબ જ પ્રેમ-આદર પામ્યા. તેમની લખેલી ફિલ્મોમાં 'મિલી', 'મૈં તુલસી તેરે આંગન કી', 'ગોલમાલ', 'જુદાઈ', 'તવાયફ', 'લિમ્હે' છે. રાહી માસુમ રઝાનું જીવનચરિત્ર 'છોટે આદમીકી બડી કહાની' અબ્દુલ હમીદે લખી છે. 1 ઓગસ્ટ 1927માં જન્મેલા (વિકીપીડિયામાં 1 સપ્ટેમ્બર 1927 છે) રાહી માસુમ રઝાની જન્મશતાબ્દી ઉજવવામાં આવે ત્યારે તેમની નવલકથા સાથે મહાભારતને યાદ કરાશે અને તેમની પ્રેમકથા પણ યાદ આવવી જોઈએ.*

## હું પૂછું, તમે કહો

**(1) ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'જીગર અને અમી' પરથી બનેલી ફિલ્મમાં સંજીવકુમારે જીગરની ભૂમિકા ભજવેલી તો અમીની ભૂમિકા કોણે ભજવેલી?**
(ક) દીના પાઠક (ખ) કાનન કૌશલ
(ગ) સ્નેહલતા (ઘ) પદમા રાણી

**(2) 'ઈન્દુચાચા'ના હુલામણા નામે ઓળખાતા ઈન્દુલાલ યાજ્ઞિક કેટલાં વર્ષ લોકસભાના સભ્ય રહેલા?**
(ક) 1957 થી 1972 (ખ) 1984 થી 1988
(ગ) 1966 થી 1970 (ઘ) 1952 થી 1957

**(3) અમૃતલાલ ભટ્ટ કે જે ગઝલ ક્ષેત્રે જાણીતા હતા અને 'આઠો જામ ખુમારી' નામે ગઝલસંગ્રહ જેમના નામે છે તેમનું ઉપનામ શું હતું?**
(ક) ધૂમકેતુ (ખ) બેફામ
(ગ) ગાફિલ (ઘ) ઘાયલ


**(4) 'ભદ્રંભદ્ર'ના લેખક રમણભાઈ નીલકંઠનાં પુત્રી પણ જાણીતાં લેખિકા હતાં, તેમનું નામ શું?**
(ક) વિદ્યાગૌરી (ખ) વિનોદિની
(ગ) ધીરુબહેન પટેલ (ઘ) હંસા મહેતા

**(5) ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના' જેવા લોકપ્રિય ગીતના કવિ મણિલાલ દેસાઈ વલસાડ જિલ્લાના ક્યા ગામના વતની હતા.**
(ક) પારડી (ખ) તિથલ (ગ) ગોરગામ (ઘ) ઉમરગામ

જવાબો
(૧) ખ- કાનન કૌશલ (૨) ક- 1957 થી 1972 (૩) ઘ- ઘાયલ,
(૪) ખ- વિનોદિની (૫) ગ- ગોરગામ

## સુરત વૈદિક વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિ વિશે રસપ્રદ ગ્રંથ

આપણને સહુને જ્ઞાતિપ્રથા પર અને જ્ઞાતિસંગઠનો પર ખૂબ શ્રધ્ધા છે. જ્ઞાતિઓના સમૂહો જે તે રાજ્યના સમાજની ઓળખ બને છે પણ આપણા જ્ઞાતિસમૂહો પોતાની જ્ઞાતિ વિશેનાં વિવિધ પ્રકારના અભ્યાસ, શોધ કરતા નથી. સુરત વૈદિક વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિએ 'પ્રતિભાવંત પ્રતિષ્ઠિત અને માનનીય વડીલો નામે 443 પાનાનો દળદાર ગ્રંથ પ્રગટ કર્યો છે. ગુજરાતના ઈતિહાસમાં નાગરોનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે. સંપાદક ભૂપેશ જયેન્દ્ર દવેએ આ જ્ઞાતિનાં વિવિધ ક્ષેત્રે પ્રસિદ્ધ થયેલા વડીલ મહાનુભાવોનો એકસોથી વધુ વર્ષનો ઈતિહાસ સવિગત આલેખ્યો છે. નાગરી જ્ઞાતિના સંસ્કાર, કુલિનતા, બુદ્ધિમતા, પાંડિત્ય, કલારુચિ અને વિદ્વત્તા જાણીતાં રહ્યાં છે. આ ગ્રંથમાં જાણે કે પૂર્વજોને યાદ કરાયાં છે. 18મી, 19મી અને 20મી સદીના વડીલો વિશે અહીં આધારભૂત માહિતી મળે છે. આદ્યશક્તિની આરતીના રચયિતા સ્વામી શિવાનંદ, વીર કવિ નર્મદ યા હાસ્યસમ્રાટ ગણાયેલા જ્યોતીન્દ્ર દવે નાગર જ્ઞાતિના છે. કુલ 150 જેટલાં એવાં જ્ઞાતિજનોનો અહીં પરિચય થશે. આખા ગ્રંથમાંથી પસાર થશો તો ખ્યાલ આવશે કે કેટલાં બધાં ક્ષેત્રોમાં આ જ્ઞાતિનું પ્રદાન છે. આવા ગ્રંથકાર્યનું અદકું મૂલ્ય છે.



**પુસ્તકઃ** પ્રતિભાવંત પ્રતિષ્ઠિત અને માનનીય વડીલો
(જન્મ ઈ.સ.1910 પહેલાં)
**સંપાદકઃ** ભૂપેશ જયેન્દ્ર દવે,
**પ્રકાશકઃ** ભૂપેશ જયેન્દ્ર દવે, 702 સંપત્તિ એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર, સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-380006.

## બેગમ અખ્તર વિશે અફલાતુન સંપાદન

બેગમ અખ્તર (1914 થી 1974)ને યાદ કરો તો 'ફિર મુઝે દીદા-એ-તર યાદ આયા' 'કોઇ ઉમ્મીદ બર નહીં આતી', 'મેરે હમનફસ, મેરે હમનવા', 'દિવાના બનાના હે તો' 'એ મહોબત તેરે અંજામ પે રોના આયા', 'યે ના થી હમારી કિસ્મત' જેવી ગઝલો, 'મોરા બલમવા પરદેશિયા', 'હમાર કહી માનો રાજાજી' જેવા દાદરા અને અનેક ઠૂમરી યાદ આવે. આ બેમિસાલ ગાયિકા કે જે બૈઠકી મહેફિલો, રાજદરબારોની શાન હતી અને 'મલિકા-એ-ગઝલ' તરીકે કદરદાનોએ નવાજી છે એ બેગમ અખ્તર પર યતીન્દ્ર મિશ્ર જેવા અફલાતુન રસિક અભ્યાસીએ અખ્તરા સોજ ઔર સાજકા અફસાના' નામે સંપાદન કર્યું છે. હિન્દી ભાષામાં પ્રગટ આ પુસ્તકમાં અનેક એવાં અભ્યાસીઓ, ગાયિકા, ગાયકના લેખો, સ્મરણો ઉપરાંત બેગમ અખ્તર સાથેના ઇન્ટરવ્યુ છે જે તમારી સામે બેગમનું આખું જીવન, તેમની ગાયકી અને સંઘર્ષને સામે મૂકી દેશે. આમાં શાંતિ હીરાનંદ, રીતા ગાંગુલી કે જે બેગમ અખ્તરનાં શિષ્યા-સોબતકાર હતાં તેના ઇન્ટરવ્યુ પણ છે અને સલીમ કિદવઇ, કૌમુદી મુનશી, શુભા મુદ્દગલ વગેરેએ બેગમ વિશે બાગ બાગ કરી દે તેવી વાતો કરી છે. બેગમ અખ્તર પ્રસંગ હેઠળનાં 26 પ્રસંગો તો તબિયત ખુશ કરી દેશે ને ક્યાંક પીડા પણ ઉભરી આવશે. યતીન્દ્ર મિશ્ર બહુ જાણકાર છે ને બેગમ અખ્તરની ગાયકી પર દિવાના ભાવક પણ છે. તેને ખબર છે કે ભારતમાં બેગમની ગાયકીનું શું સ્થાન છે. બેગમ અખ્તરની રેકોર્ડસની સૂચિ પણ ગ્રંથમાં છે અને કેટલીક યાદગાર તસવીરો છે. બેગમ અખ્તરનાં ઇન્ટરવ્યુ વાંચતાં તો જાણે આખેઆખો મિજાજ ને વ્યક્તિત્વ પમાશે. અહા, શું પુસ્તક છે. જો વાંચવાના હો તો આ રહી પુસ્તકપ્રાપ્તિની માહિતી.



**અખ્તરી :** સોજ ઔર સાજ કા અફસાના, **સંપાદકઃ** યતીન્દ્ર મિશ્ર,
**પ્રકાશક :** વાણી પ્રકાશન, 4695, 21-એ, દરિયાગંજ, નવી દિલ્હી-110002,
**મૂલ્ય :** રૂા. 595/-

## વચન

જે લોકોમાં આપણને રહેવાનું પ્રાપ્ત થયું છે તેમના સ્વભાવ સમજીને, આપણી પ્રવૃત્તિની પરીક્ષા કરીને, એકાંતમાં નિર્ણય કરીને, દીર્ઘ અને ગંભીર વિચાર કરીને અભિમાનથી રહિત થઇને બહુ સંભાળથી ચાલવાની જરૂર છે. પ્રકાશને અનુસરવાથી જ પ્રકાશ વધે છે.
**કવિ કાન્ત**

કેવળ મનુષ્ય જાતિ જ નહિ, દેહધારી પ્રાણી માત્રના ચૈતન્ય તંતુના સાતત્ય અને વિસ્તરણ માટે કામ, સૃષ્ટિ વ્યવસ્થાનો અનિવાર્ય પ્રકૃતિક્રમ છે.
**લાભશંકર પુરોહિત**

આપણા સંબંધોની ઋજુતા, સૂક્ષ્મતા અને વાસ્તવિકતાને કોઇ પામી નહીં શકે.
**હિમાંશી શેલત**

ભાવ જાગૃત થાય ને હૃદયમાં જામે એવી જે રસરૂપ મનઃસ્થિતિ તે મૂળે તો બીજા માણસ અને સાહિત્યકારમાં સમાન હોય છે.
**વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

# ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

## પેટ્રોલની આગ

કાળઝાળ ગરમી અને એમાં યુદ્ધની સ્થિતિમાં ભડકે બળતાં પેટ્રોલ ડીઝલના ભાવ. પડ્યા પર પાટુ જેવી સામાન્ય માણસની જિંદગી થઈ ગઈ છે.મોંઘવારી એની ચરમસીમા પર પહોંચી છે. પેટ્રોલ-ડીઝલ ફક્ત વાહનોમાં જ વપરાય છે તેવું નથી. લગભગ ઉદ્યોગો અને ખેતીમાં પંપ ચલાવવા પણ આ જ ઇંધણ જોઈએ છે.આ કોઈ નવી વાત નથી. અમે જ્યારે શાળામાં ભણતાં હતાં ત્યારે અભ્યાસમાં આવતું હતું કે આ અશ્મિ બળતણ ૩૫ - ૪૦ વર્ષ ચાલે તેટલું જ છે. હવે એ સમય આવી ગયો છે અને અંધભક્તોએ તો ચિંતાની વાત જ નથી. સારી વાતો એ સામે આવી કે સરકાર દેખાડો તો દેખાડો કરવા ખાતર પણ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીના તાયફા ઘટાડ્યા અને જાતે જ કીધું કે ખોટા ખર્ચ ન કરવા. એનો મતલબ કે જે આજ સુધી આવા જે પણ ખર્ચ હતા એ ખોટા તાયફા જ હતા.હવે થોડું મોડું તો થયું છે. આમ કંઈ પ્રજા પેટ્રોલ ડીઝલ બચાવે એવું લાગતું તો નથી. હા કોરોના સમયે જેમ ગરીબ અને સામાન્ય માણસ માટે કાયદો કાયદાનું કામ કરતો હતો એવું જરૂર થશે.
**સુરત - કિશોર પટેલ**

## ગઝલગાયક પંકજ ઉધાસ

ચાંદી જૈસા રંગ હૈ તેરા ,સૌને જૈસા બાલ જેવી સામાન્ય લોકોને પણ સમજાય એવા શબ્દોવાળી અત્યંત લોકપ્રિય ગુજરાતી ગઝલના ગાયક અને ઇંગ્લેંડમાં રોયલ આલ્બર્ટ હોલમાં કોન્સર્ટ કરનાર પહેલા ગુજરાતી ગઝલગાયક પંકજ ઉધાસનો જન્મ 17/5/1951માં જેતપુરમાં થયો હતો.1980માં એમણે આહટ આલ્બમથી શરૂ કરેલી ગઝલયાત્રા એક પછી એક સફળતા મેળવતી ગઈ. એમના આલ્બમો મુક્કરર,તરન્નુમ,મહેફિલ,નાયાબ અને આફરિન જબરદસ્ત સફળ થયા. ગઝલોની એમની પ પસંદ,સરળ શબ્દરચના,ઘેરો અવાજ અને સાજમાં વાયોલિન અને વાંસળીનો ઉપયોગ એમની ગઝલોને વધુ લોકભોગ્ય બનાવે છે.લોકપ્રિયતાની એ ટોચે એમના માટે હિંદી ફિલ્મોમાં પાર્શ્વગાયકીનાં દ્વાર ખોલી દીધાં. નામ ફિલ્મનું ચિઠ્ઠી આઈ હૈ ગીત અતિ લોકભોગ્ય થયું.એના પગલે તેમને લતા મંગેશકર અને સાધના સરગમ સાથે ગાવાની તક મળી હતી.તક મળે ત્યારે તેઓ કેટલીક ફિલ્મોમાં અભિનય કરી લેતા.સેંટ ઝેવિયર્સ અને વિલ્સન કોલેજના આ વિજ્ઞાનના સ્નાતકે ઉચ્ચારણોને ભાવવાહી બનાવવા 10 મહિના તાલીમ લીધી હતી. ભારતમાં સૌ પ્રથમ કોમ્પેક્ટ ડિસ્ક તેમના આલ્બમ શગુફતાની બની હતી.ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ આપેલો છે.
**સુરત - સુરેન્દ્ર દલાલ**

## સરકારી બેન્કોનું સુરક્ષા-કવચ મજબૂત કરો

દેશનાં અનેક રાજ્યોનાં શહેરોમાં પ્રતિદિન બેન્કોની છત તોડી કરોડો રૂપિયા લૂંટી ગયા, લોકરો તોડી કરોડોના દાગીના લૂંટી ગયા તેમજ એ.ટી.એમ. મશીનમાંથી લાખો રૂપિયાની લૂંટ એવા સમાચાર જોવા સાંભળવા મળે છે. ગંભીર પ્રશ્ન એ છે કે આ બેઠકોના સત્તાધીશોના વિશ્વાસે દેશની જનતા બેંકમાં રૂપિયા અને લોકરોમાં દાગીના મૂકતા હોય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી બનતી 'બેંકરોબરી' ની ઘટનાઓ સુરક્ષા વ્યવસ્થા પર અનેક પ્રશ્નો ઊભા કરે છે. આ અંગે સરકારી બેઠકોના સત્તાધીશોએ જનતા પૈસા અને દાગીનાની સુરક્ષા માટે મજબૂત અને અસરકારક સુરક્ષા કવચનું નિર્માણ કરવું જરૂરી બન્યું છે. નહીં તો જનતાનો વિશ્વાસ સરકારી બેન્કો પર નહીં રહે.
**સુરત - રાજુ રાવલ**

## ભારતનો અજોડ આઘાતજનક બનાવ

આપણા દેશના ઓરિસ્સા રાજ્યમાં અકલ્પનીય અને આઘાતજનક બનાવ ગયા માસમાં બન્યો. એક આદિવાસી યુવાન તેની મૃત બહેનના બેંકમાં રહેલા પૈસા લેવા માટે કબરમાંથી બહેનનો મૃતદેહ કાઢી તે કંકાલ 5 કિ.મી. ચાલીને ઉંચકીને બેંક સમક્ષ પુરાવા તરીકે રજૂ કરવા લઈ ગયો હતો. આપણા તંત્રે હજી બ્રિટીશ માનસિકતા ધારણ કરેલ છે. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સરકારી વિભાગ સમક્ષ પોતાના હક, સંબંધમાં અરજી લઈને જાય એટલે તંત્ર નનૈયો જ ભણી દે છે અથવા તેને મળવાપાત્ર હોય તો ધક્કા ખવરાવીને અધમૂઓ કરી નાખે છે. પણ જો તમે ધનિક અને લાગવગિયા હો તો તમને બેંક સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરીને વિદેશ ભાગી જવાની છૂટ છે. તેને વિદેશ નાસી છૂટવામાં પાછું આપણું તંત્ર સહાય કરે છે.ખબર નથી પડતી કે શું હજી આપણે આઝાદ નથી થયા? અથવા બંધારણ મુજબના શાસનના બદલે શું મૂડીપતિઓનું રાજ ચાલે છે? અથવા કાયદા સમક્ષ સમાનતાના બદલે લોકશાહી ધોરણો ગરીબો અને ધનિકો માટે છે? આ ગરીબ આદિવાસી યુવાન તરફ નકારાત્મક વલણ દાખવનાર બેંક કર્મચારીઓને દાખલારૂપ સજા થવી જોઈએ. વહીવટીતંત્ર આપણી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે હોય છે. સમસ્યા સર્જવા માટે નહીં. આપણે પ્રજાસત્તાક છીએ. તંત્ર માત્ર સરકારને નહીં, લોકોને પણ જવાબદાર છે.
**સુરત - અશ્વિનકુમાર ન.કારીઆ**

## શ્રી.રવિશંકર મહારાજ ઉદ્યાન

આ બાગ પહેલાં કોર્પોરેશનની દેખરેખ હેઠળ હતો ત્યારે અહીં વ્યાયામનાં સાધનો હતાં. અનેક લોકો એનો લાભ લેતાં હતાં. હવે ઉપર મુજબનું નામસંસ્કરણ પામેલ બાગ, ટોરેન્ટ પાવરના સૌજન્યથી મનમોહિત કરી દે એટલો સુંદર છે.અહીં વર્ષોથી સવાર સાંજ અનેક સીનીયર સિટીઝન આવી એકબીજાને મળે છે. તેઓને પહેલાં હતાં તેવાં સાધનોની ઊણપ સાલે છે. આ વાતની લાગતાવળગતાએ ગંભીરતાથી નોંધ લઈ,રમતનાં સાધનોને ચોપાટી બાગમાં, જ્યાં મીની ટ્રેન, નાની લંડન બસ નામની ડબલ ડેકર છે ત્યાં અહીંનાં રમતગમતનાં સાધનો ત્યાં ખસેડવાની તાકીદે જરૂર લાગે છે. અહીં ઉમરલાયકને યોગ્ય હળવી કસરતો માટે સાધનો એ જગ્યામાં મૂકવાની કૃપા કરશો તો ખરેખર સૌ કોઈ આભારી રહેશે.આ ફેરફારથી આ બાગમાં આવનારાં વયસ્કોને શાંતિ અને મોકળાશ મળશે અને ચોપાટીમાં પરિવાર સાથે આવતાં બાળકોને ગમ્મત અને ખાણીપીણી માટે મોકળું મેદાન મળશે.અઠવાલાઇન્સ વિસ્તારના નવનિયુક્ત કોર્પોરેટરો પણ આ કાર્યમાં સહકાર આપી ઘટતું કરશે એવા વિશ્વાસ સાથે.
**સુરત - ભૂપેન્દ્ર રાયજી**

## લાંબાગાળાનું આયોજન જરૂરી છે

જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવમાં વધારો થતાં લોકો પર આર્થિક બોજ વધ્યો છે. આવી સ્થિતિમાં દેશના વડા પ્રધાન દ્વારા નાગરિકોને કરાયેલ અપીલો અને સૂચનો વચ્ચે કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો અને મુદ્દાઓ સ્વાભાવિક રીતે ઊભા થાય છે. (૧) જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઐતિહાસિક રીતે ખૂબ ઓછા થયા હતા, ત્યારે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તે મુજબ ઘટાડો કેમ કરવામાં આવ્યો નહોતો? (૨) વર્તમાન સંજોગોમાં વડા પ્રધાન સહિત અનેક નેતાઓ પોતાના કાફલા અને સરકારી ખર્ચમાં સાદગી દાખવી રહ્યા છે, જે આવકારદાયક છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે આવી કરકસર માત્ર સંકટકાળ પૂરતી જ કેમ? જો આ ખર્ચમાં કાયમી ઘટાડો કરવામાં આવે, તો સરકારી તિજોરી પરનો ભાર ઓછો થઈ શકે અને તેનો લાભ વિકાસકાર્યોમાં મળી શકે. (૩) દેશને આત્મનિર્ભર બનાવવા માટે 'મેક ઇન ઇન્ડિયા' અને અન્ય અનેક યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી સામાન્ય જનજીવનમાં તેનાં સ્પષ્ટ અને વ્યાપક પરિણામો કેમ દેખાતાં નથી? (૪) ઈંધણના ભાવવધારા સાથે પરિવહન, ખાદ્ય પદાર્થો અને દૈનિક વપરાશની ચીજવસ્તુઓ મોંઘી બની છે. આવી સ્થિતિમાં ગરીબ અને મધ્યમ વર્ગને સીધી રાહત મળે તેવાં પગલાં જેમ કે કરમાં રાહત, સબસિડી અથવા ભાવ નિયંત્રણ વિશે સરકારનું સ્પષ્ટ આયોજન હોવું જોઈએ (૫) દેશ હજુ પણ ક્રૂડ ઓઈલની આયાત પર મોટા પ્રમાણમાં નિર્ભર છે.
**સુરત - સુનીલ શાહ**